રાજકોટમાં પતંગોત્સવ ડીએચ કોલેજના બદલે રેસકોર્સ મેદાનમાં યોજાશે

શનિવારે ૨૧ દેશ અને ૭ રાજ્યોના પતંગબાજો કરતબ દેખાડશે : તડામાર તૈયારીઓ

રાજકોટ,

ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનુ પ્રવાસન ક્ષેત્ર આગવું સ્થાન પ્રાપ્ત થાય તે માટે દર વર્ષે રાજ્યના વિવિધ શહેરોમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજવાની શરૂઆત કરવામાં આવેલ હતી. જે પરંપરા મુજબ આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનુ રાજકોટ ખાતે તા.૧૦/૦૧/૨૦૨૬ શનિવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે કવિ રમેશ પારેખ રંગ દર્શન ઓપન એર થીએટર, રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરેલ છે. અગાઉ ડીએચ કોલેજ ખાતે કાર્યક્રમ યોજાવાનો હતો પરંતુ વડાપ્રધાનનો રોડ શો રદ થતા રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાલી રહેતા હવે રેસકોર્ષમાં પતંગોત્સવ યોજવાની જાહેરાત કરવામાં આવી છે.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬માં ઓસ્ટ્રેલીયા, બ્રાઝિલ, કોલમ્બિયા, ડેનમાર્ક, સિંગાપોર, થાઈલેન્ડ, સ્વીડન, યુનાઈટેડ કિંગડમ જેવા કુલ-૨૧ દેશો તથા ભારતના મહારાષ્ટ્ર, રાજસ્થાન, બિહાર, ઓડિશા, તામિલનાડુ, સિક્કિમ, વેસ્ટ બેંગાલ સહિત વિવિધ રાજ્યોના પતંગવીરો ભાગ લેશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬ના અનુસંધાને આયોજન અને વ્યવસ્થાને આખરી ઓપ આપવા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬ના અનુસંધાને આયોજન અને વ્યવસ્થાને આખરી ઓપ આપવા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજ તા.૦૬/૦૧/૨૦૨૫, મંગળવારના રોજ રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, નાયબ મ્યુનિસિપલ કમિશનર સમીર ધડૂક, સિટી એન્જીનીયરઓ, સહાયક કમિશનર, મેનેજરઓ, ડેપ્યુટી સિટી એન્જીનીયરઓ, વોર્ડ ઓફિસરઓ અને રાજકોટ મહાનગરપાલિકાના અન્ય અધિકારીઓ-કર્મચારીઓ, ગુજરાત પ્રવાસન વિભાગના પ્રતિનિધિ તેમજ એજન્સીના પ્રતિનિધિઓ સાથે પતંગ મહોત્સવ સ્થળની મુલાકાત કરવામાં આવી જેમાં, મુખ્ય સ્ટેજ, સાઉન્ડ, એન્ટ્રી પોઈન્ટ, વી.આઈ.પી. પાર્કિંગ, જનરલ પાર્કિંગ, પતંગવીરોના સ્ટોલ, ડાયસ કાર્યક્રમ, પ્રેસ-મીડિયા વ્યવસ્થા, સલામતી બંદોબસ્ત, સફાઇ વગેરે બાબતોનું રીવ્યું કરવામાં આવ્યું તેમજ અધિકારીઓને તથા વિવિધ કામની એજન્સીના પ્રતિનિધિઓને સુચના આપવામાં આવી અને કાર્યક્રમ ખૂબ સફળ થાય તે મુજબ કામગીરી કરવા જણાવવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ શહેરીજનોને આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬ નિહાળવા ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવેલ છે.

રાજકોટની હનુમાન ચાલીસા યુવા કથામાં બ્લડની ૧૪૨૫ બોટલ એકત્ર

રાજકોટ,

રાજકોટ રેસકોર્સ મેદાન ખાતે આયોજીત હનુમાન ચાલીસા યુવા કથામાં શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓને લાભાર્થે આયોજીત રકતદાન કેમ્પમાં કુલ ૧૪૨૫ બ્લડની બોટલ સિવિલ હોસ્પિટલના દર્દીઓને અર્પણ કરવામાં આવેલ. છેલ્લા નવ દિવસ દરમિયાન મોદી સ્કુલની ૪ શાખામાં ૩૭૩, સ્વ. દિનેશભાઈ જાવિયા, મેટોડા ખાતે ૨૦૬, સિદ્ધાર્થ મહેતાની સ્મૃતિરૂપે ૭૩ બ્લ ડની બોટલ્સા એકત્રિત કરવામાં આવેલ. આમ કુલ ૨૦૭૭ બ્લડની બોટલ્સ છેલ્લા ૯ દિવસમાં એકત્ર કરવામાં આવેલ. તેમ વિનય જસાણીએ યાદિમાં જણાવ્યું છે.

રાજકોટમાં સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધામાં ૫૭ હજાર વિદ્યાર્થી જોડાયા

વિજેતાઓને શિક્ષણ વિભાગના મંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે પારિતોષિક એનાયત

રાજકોટ,

રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશન દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી ગુજરાત રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થી માટે રાજ્ય કક્ષાએ સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવે છે. આ વર્ષે રાજ્યના ૩૩ જિલ્લાની ૭૭૪ શાળાઓમાંથી ૫૭,૦૮૫ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

સ્પર્ધામાં રાજ્ય સ્તરે તથા જિલ્લા સ્તરે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનાર વિજેતાઓને પુરસ્કૃત કરવા માટે પુરસ્કાર વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ દાહોદ જિલ્લાના સર રણજીતસિંહજી હાઈસ્કૂલના વિદ્યાર્થી વ્રજસિંહ ઠાકોરે પ્રથમ ક્રમાંક, અમદાવાદની જય સોમનાથ હાયર સેકન્ડરી સ્કૂલની ક્રિશા સોનકુસરે દ્વિતીય ક્રમાંક અને ડાંગ જિલ્લાની કન્યા સાક્ષરતા નિવાસી શાળાની વિદ્યાર્થિની સમરતીબેન ગાયકવાડ તથા મહેસાણાની જે.એમ.ચૌધરી સાર્વજનિક વિદ્યાલયના વિદ્યાર્થી પ્રિયમ શાહે તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો.

આ વર્ષે સ્પર્ધામાં જિલ્લા સ્તરે ૧૦૨ વિદ્યાર્થીએ ૧ થી ૩ ક્રમાંક પ્રાપ્ત કર્યો માંથી ઉપસ્થિત વિદ્યાર્થીઓને સમારંભમાં પુરસ્કૃત કરાયા. કાર્યક્રમમાં નાની વયમાં શારીરિક ખોડ-ખાંપણોની મર્યાદાઓને ઓળંગીને ઋડજઈની પરીક્ષા પાસ કરવા ઉપરાંત અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરનારા દિવ્યાંગ પ્રોફેસર ઉત્તમ મારૂએ પણ ઉપસ્થિત યુવાનોને ઉપનિષદનો મંત્ર 'યુવા સ્યાત સાધુ' સમજાવીને પ્રેરણા આપી હતી.

રાજકોટમાં જુનિયર એડવોકેટ એસોસિએશન-૨૦૨૬ના હોદ્દેદારોની વરણી

રાજકોટ,

રાજકોટ શહેરમાં જુનિયર વકીલોના પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યરત 'જુનિયર એડવોકેટ એસોસિએશન'ના વર્ષ ૨૦૨૬ ના નવા સંગઠનની જાહેરાત કરવામાં આવી છે.

શહેરના અલગ-અલગ ક્ષેત્રોમાં વકીલાત કરતા જુનિયર વકીલોના કાયદાકીય તથા અન્ય. પ્રશ્નોના ઉકેલ માટે કટિબદ્ધ આ સંગઠનના હોદ્દેદારોની યાદી સંસ્થાપક અને ફાઉન્ડર પેનલ, સંસ્થાપક સ્વ. બળવંતસિહ રાઠોડ (ભૂતપૂર્વ સરકારી વકીલ) ફાઉન્ડર એડવોકેટ શ્રી ગિરિરાજાસિહ રાઠોડ, કો-ફાઉન્ડસર જીતુભાઈ પારેખ, ધર્મિષ્ઠાબા જાડેજા, ભરતભાઈ સોમાણી, બલભદ્રસિહ ચુડાસમા, કુલદીપસિહ જાડેજા ફાઉન્ડર મેમ્બર્સ ગૌતમભાઈ ચાવડા, અશોકભાઈ ચાંડપા, ચેતનસિહ પરમાર, મહેન્દ્રભાઈ ભાલુ, જગદીશભાઈ ચોટલિયા, એસ.બી. ગોહિલ સાહેબ, વી.એલ. ગજેરા, પ્રફુલ્લ,ભાઈ ચંદારાણા, શૈલેષભાઈ સુચક, નિલેશભાઈ દવે. અને સલાહકાર સમિતી વરણી કરવામાં આવી હતી

મુખ્ય હોદ્દેદારો (વર્ષ ૨૦૨૬)માં ચેરમેન શિવરાજસિહ બી. ઝાલા,વાઈસ ચેરમેનઃ ચંદ્રસિંહ પરમાર સી.પી.) પ્રમુખ ચંદ્રસિંહ તલાટીયા (સી.બી.),ઉપપ્રમુખ સાગરભાઈ હપાણી, રાજેશભાઈ ચાવડા,મહામંત્રી વેકભાઈ ધનેશા, અનિલભાઈ પરસાણા, રાજવીરસિહ ઝાલા, મંત્રીઃ દીપકભાઈ બારોટ, અજયસિહ ચુડાસમા, પ્રવીણભાઈ થાનકી, દુષ્યંજતસિહ જાડેજા, ખજાનચી કિશનભાઈ રાજાણી, મીડિયા ઈનચાર્જઃ રવીરાજભાઈ પરમાર, કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી

જુનિયર બાર એસોસિએશન (મહિલા વિગ) – ૨૦૨૬માં પ્રમુખ ઉષાબા ઝાલા, ઉપપ્રમુખ જ્યોત્નાબા જાડેજા, પૂજાબેન રાવલ, મહામંત્રી મીતાબેન રાવ, મેઘાવીબેન ગઢ્ઢર, વૈશાલીબેન વિઠ્ઠલાણી,મંત્રી ,દનીબેન પૂજારા, પૂનમબેન પટેલ, ખેરુનબેન ભૂવડ, બીનીતાબેન જે. પટેલ (ખાંટ),ખજાનચીઃ સજનબા પરમાર, મીડિયા ઈનચાર્જઃ જમનાબેન વાઘેલા, મહિલા વિગ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી આ તકે તમામ નવનિયુક્ત હોદ્દેદારોએ સંગઠનને મજબૂત બનાવવા અને વકીલોના હિતમાં કાર્ય કરવાની ખાતરી આપી હતી.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ સાથે રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાની શુભેચ્છા મુલાકાત

રાજકોટ,ઉપલેટા પાસે આવેલ પ્રાસલા ખાતેનાં શ્રી વૈદિક મિશન ટ્રસ્ટ ખાતે યોજાયેલ "રાષ્ટ્ર કથા શિબિર" માં ભાગ લઈને પરત ફરતા મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી મોહન યાદવ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે પધારતા, રાજ્યસભાના સાંસદ શ્રી રામભાઈ મોકરીયાએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરી શુભેચ્છા મુલાકાત લઈ હળવી પળો માણી હતી

રાજકોટ કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટ સંચાલિત દરેક શાળાઓનો આંતરિક વાર્ષિક રમતોત્સવ યોજાયો

રાજકોટ,

રાજકોટ કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટ સંચાલિત દરેક શાળાઓના આંતરિક વાર્ષિક રમતોત્સવ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ઢેબર રોડ સ્થિત કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટની પ્રાથમિક, શાળાના વિશાળ મેદાનમાં કરવામાં આવ્યું હતું.

ગુજરાત વિધાનસભા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેક્ટર ડો.હરીશભાઈ રાબા, સંસ્થાના મુંબઈ સ્થિત ઓનરરી સેક્રેટરી વિશાલભાઈ શેઠ, ટ્રસ્ટી મુરબ્બી અતુલભાઈ મોદી, જોઈન્ટ સેક્રેટરી નેહાબેન દફતરીએ રમતોત્સવની શરૂઆતમાં વિદ્યાર્થીઓના ઉત્સાહને બમણો કરવા મસાલ પ્રજ્વલિત કરીને કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટે સમગ્ર વિશ્વમાં પ્રેમ શાંતિ અને એકતાનો સંદેશો પ્રસારિત કર્યો હતો.

શાળાના આચાર્ય તેમજ શિક્ષકોએ નાનામાં નાની વાતની સંભાળ લઈ સફળ કાર્યક્રમનો જશ લીધો હતો. કાર્યક્રમના અંતમાં વિજેતાઓને મહેમાનોના હસ્તે ગોલ્ડ, સિલ્વર અને બ્રોઝ મેડલ એનાયત કરવામાં આવ્યા. તેમજ ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને પ્રમાણ

રાજ્યમાં પ્રજાસત્તાક અને ગાંધી નિર્વાણ દિને નોનવેજ વેચાણ બંધ રાખવા માંગ

એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં જીવદયા પ્રેમીઓની મુખ્યમંત્રીને રજૂઆત

રાજકોટ,

૨૬ જાન્યુઆરીએ ભારતનો પ્રજાસત્તાક દિવસ ઉજવાય છે, કારણ કે આ દિવસે ૧૯૫૦માં ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને દેશ સંપૂર્ણપણે સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક બન્યો, જેના પછી ડો. રાજેન્દ્ર પ્રસાદ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા અને રાષ્ટ્રીય રજા જાહેર કરવામાં આવી. આ દિવસ ભારતના સૈન્ય શક્તિ અને સાંસ્કૃતિક વિવિધતા દર્શાવતી ભવ્ય પરેડ સાથે નવી દિલ્હીના કર્તવ્ય પથ (હાલમાં રાજપથ) પર ઉજવવામાં આવે છે. તા.૩૦ જાન્યુઆરી એટલે "ગાંધી નિર્વાણ દિવસ' મોહનદાસ કરમચંદ ગાંધી મહાત્મા તરીકે જાણીતા છે. તેમની અહિંસક ચળવળની ફિલસૂફીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિપૂર્ણ તબદીલી ઉપર ખૂબ ઊંડો પ્રભાવ પાડ્યો હતો.

મોહનદાસ કરમચંદ ગાંધી વિશ્વ માનવ હતા, તેઓ મહાત્મા ગાંધી નામે વિશ્વભરમાં જાણીતા થયેલા અને ભારતના રાષ્ટ્રપિતા તરીકેનું માન પામ્યા છે. તેમણે બ્રિટીશ રાજ પાસેથી આઝાદી મેળવવાની ભારતની ચળવળને દુનિયાના નકશા પર મૂકી. તેમના આદર્શો ભારતમાં અને અન્ય દેશોમાં પણ શાંતિમય પરિવર્તનની ચળવળ માટે પ્રેરણાદાયક રહ્યા છે. ગાંધીજી એટલે અહિંસાનાં પુજારી. તેઓ કાયમ અહિંસામાં જ માનતા હતા. તે કહેતા કે આ એક શબ્દ નથી. આખી સંહિતા છે. તે એક આચરણ છે. અહિંસા એ મનુષ્ય જાતિની પ્રબળ શક્તિ છે. માણસે સર્જેલા પ્રચંડ શસ્ત્રો કરતાં એ વધારે પ્રચંડ છે.

તા. ૨૬/૦૧/૨૦૨૬ ને સોમવારનાં રોજ 'પ્રજાસત્તાક દિવસ' તથા તા. ૩૦/૦૧/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ ગાંધી નિર્વાણ દિવસે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન દ્વારા રજુઆત કરવામાં આવી છે. આ દિવસની પવિત્રતા ધ્યાનમાં લઈને જાહેર કતલખાના તેમજ જાહેર લારી તેમજ દુકાનોમાં વહેંચતા માંસ, ઈંડા અને મચ્છીનાં વેપાર સદંતર બંધ રાખવા સમસ્ત જનતા વતી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ મહેતા, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ દ્વારા ગુજરાત સરકારના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી છે.

રાજકોટ મહાપાલિકાના ડોર ટુ ડોર કચરો એકત્ર કરતા સ્થાનિક ડ્રાઈવરો-મજુરોને અન્યાય

મજુરોને થતો અન્યાય દુર કરવા રાજકોટ કામદાર યુનિયનની માંગ

રાજકોટ, રાજકોટ મહાનગરપાલીકામાં ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવાની કામગીરી કરતા કોન્ટ્રાકટ આધારિત ડ્રાઈવરો, હેલ્પરો અને મજુરોને થતો અન્યાય દુર કરવા રાજકોટ કામદાર યુનિયને માંગણી ઉઠાવી છે.

યુનિયન પ્રમુખ પારસ બેડીયા અને આગેવાનોએ જણાવ્યુ હતુ કે હાલ આ કામદારોને લઘુતમ વેતન, સમયસર પગાર ન મળવો, કાયદેસરના લાભોથી વંચિત રાખવા જેવો અન્યાય થઈ રહ્યો છે. ઉપરાંત સ્થાનિક કામદારોને દુર કરી ગોધરા જેવા વિસ્તારોમાંથી કામદારો લઈ આવે છે. કોન્ટ્રાકટરો દ્વારા ડ્રાઈવરો, હેલ્પરો અને મજુરોને ધમકાવી દબાવી પોતાના કૌભાંડો ચલાવવામાં આવે છે. ડ્રાઈવરો મજુરોને રોકડમાં નાણા આપી મોટાપાયે બીલોનું કૌભાંડ ચલાવવામાં આવે છે. કૌભાંડી કોન્ટ્રાકટ અંગે અગાઉ સ્ટેન્ડીંટગ કમીટીમાં પણ ગંભીર ચર્ચા થઈ ચુકી છે. હમ્માખોરી અને સેટીંગ પધ્ધતીનો સડો ઘર કરી ગયો છે.

ત્યારે સ્થાનિક કામદારોને નોકરી પર પરત લેવા અને કૌભાંડી કોન્ટ્રાકટરોને દુર કરવા રાજકોટ કામદાર યુનિયને માંગણી ઉઠાવી છે. સમયસર ન્યાય ન મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે શાંત આંદોલનની ચિમકી યુનિયન પ્રમુખ પારસ બેડીયાએ ઉચ્ચારી છે.

સૌરાષ્ટ્ર યુનિ.ના નવા કુલસચિવ તરીકે ડો. અજયસિંહ જાડેજાની પસંદગી

રાજકોટ,

સૌરાષ્ટ્ર યુનિ.ના નવા કુલસચિવ તરીકે ડો. અજયસિંહ જાડેજા તથા આસી. રજિસ્ટ્રારના પદ પર જીજ્ઞેશ ચિતલીયાની પસંદગી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિ. ખાતે કુલપતિ ડો. ઉત્પલ જોશીના અધ્યક્ષસ્થાને યુનિ.ના બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એકઝીકયુટીવ કાઉન્સીલની બેઠક મળી હતી. જેમાં સૌરાષ્ટ્ર યુનિ.ના કુલસચિવની જગ્યા પર ડો.બાબાસાહેબ આંબેડકર યુનિ.ના રજિસ્ટ્રાર ડો. અજયસિંહ જાડેજાની પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરાયાનું જાહેર કરાયું હતું.જયારે આસી. રજિસ્ટ્રારના પદ પર ચિતલીયાભાઈની પસંદગી કરાયાનું પણ આ બેઠકમાં જાહેર કરાયું હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર યુનિ.ના કુલસચિવની છેલ્લા લાંબા સમયથી ખાલી પડી હતી.

યુનિ.ના કુલસચિવની રેસમાં ડો.બાબાસાહેબ આંબેડકર યુનિ.ના રજિસ્ટ્રાર ડો. અજયસિંહ જાડેજા ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિ.ના ડે. રજિસ્ટ્રાર મનીષભાઈ ધામેચા તથા સોમનાથ યુનિ.ના ડો. જાદવ રેસમાં હતા. યુનિ.ના કુલસચિવની જગ્યા ભરવા માટે તાજેતરમાં જ પસંદગી સમિતિ દ્વારા ઈન્ટરવ્યુ ગોઠવાયા હતા

જોકે યુનિ.ના કુલસચિવની જગ્યા માટે ડો.બાબાસાહેબ આંબેડકર યુનિ.ના રજિસ્ટ્રાર ડો.અજયસિંહ જાડેજાનું નામ અગાઉથી જ ફાઈનલ મનાતુ હતું. દરમિયાન આજે મળેલી યુનિ.ની બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એકઝીકયુટીવ કાઉન્સીલની બેઠકમાં કુલસચિવ તરીકે ડો.અજયસિંહ જાડેજા અને ડે.રજિસ્ટ્રારના પદ પર ચિતલીયા ભાઈની પસંદગી કરાયનું જાહેર કરી તેના પર મંજુરીની મહોર મારી દેવામાં આવી હતી.

અહીં એ ઉલ્લેખનીય છે કે યુનિ.ના કુલસચિવનો વહીવટ ૧૦ વર્ષ સુધી ઈન્ચાર્જથી ચલાવાયો હતો. છેલ્લે વર્ષ ૨૦૨૩માં કાયમી રજિસ્ટ્રાર તરીકે મ્યુ. કોર્પો.ની રૂપારેલીયાની નિમણુંક કરાયેલ હતી. પરંતુ તેઓએ માત્ર ચાર માસમાં જ રાજીનામુ ધરી દીધુ હતું.દરમિયાન હવે યુનિ.ને નવા વર્ષે નવા કુલસચિવ તરીકે ડો.અજયસિંહ જાડેજાની પસંદગી થઈ છે. જેઓને સરકારની મંજૂરી લઈ નિમણુંકનો ઓર્ડર અપાશે.

રવિવારે રાજકોટમાં સૂર્યનમસ્કાર, યોગા સ્પર્ધાનું આયોજન

રાજકોટ,

દર વર્ષની જેમ શિયાળાની ઋતુમાં પુજા હોબી સેન્ટર દ્વારા સૂર્યનમસ્કાર, યોગા, જીમ્નાસ્ટિક તથા હુલ્લા હુપની કોમ્પિટિશન તા.૧૧ ને રવિવારના રોજ યોજાશે. આ કોમ્પિટિશનમાં એઈજ ગ્રુપ પ્રમાણે બાળકો, યુવાનો તથા વડીલોના ગ્રુપમાં ભાઈઓ અને બહેનોની અલગ અલગ સ્પર્ધા રહેશે તમામ એઈજ ગ્રુપમાં એક-બે-ત્રણ વિજેતા જાહેર કરી મેડલ તથા ટ્રોફી આપવામાં આવશે.